નવી બાબત ૨૦૨૦-૨૧
પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત વિચરતી-વિમુક્ત જાતિના ૮૩૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે રૂ.૧.૨૦ લાખની સહાય આપવા બાબત
રૂ.૯૯૪.૯૫ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૮૪૮૪૬/ન.બા.-૭૭/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૪/૦૮/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૭/૨૬૨૯૧૮/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૫/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/જન/ન.બા./મ.સ./૧૯-૨૦/૪૨૪ તથા તા.૩૦/૦૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/જન/ન.બા./મ.સ./૨૦-૨૧/૮૨૩

**આમુખ:-**

વિચરતી-વિમુક્ત જાતિના ઘર વિહોણા ઇસમોને શહેરોમાં તથા ગામડાઓમાં વસવાટની મુશ્કેલી દૂર કરવા માટે જેમના નામે પોતાની માલિકીનો રહેણાંકનો પ્લોટ અથવા ઘરથાળનો મફત પ્લોટ મળેલ હોય તેવા ઇસમોને મકાન બાંધવા માટે સહાય આપવા માટેની વર્ષ ૧૯૭૯થી યોજના અમલમાં છે. હાલ ઉક્ત યોજના અંતર્ગત વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી રૂ.૧,૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. રાજ્યમાં ૪૦ જાતિઓને વિચરતી-વિમુક્ત જાતિ તરીકે મુકરર કરવામાં આવેલ છે. આ જાતિઓ સામાન્યત: રખડતું ભટકતું અસ્થાયી જીવન ગુજારે છે. વળી, આ જાતિઓમાં નિરક્ષરતા અને અજ્ઞાનતાનું પ્રમાણ વધારે હોય છે. અસ્થાયી જીવનના કારણે તેઓને બાળબચ્ચાં, સ્ત્રીઓ અને વૃદ્ધો સાથે ત્રણેય ઋતુઓની વિષમતા સહન કરવી પડે છે અને તેમના બાળકોને પણ શિક્ષણની

P.T.

અપર્યાપ્ત સુવિધા રહે છે. આ બધા પ્રશ્નો અને વિષમતાઓ મહદ્અંશે નિવારી શકાય જો તેઓનો સ્થાયી વસવાટ શક્ય બને. બીજું, તેઓ મોટાભાગે અત્યંત નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા હોય છે. જેના કારણે તેઓ જમીન ખરીદી શકતા નથી. જો સરકારશ્રી તરફથી તેમને વિના મૂલ્યે જમીન ફાળવવામાં આવે તો પણ તેઓ મકાન બાંધકામ કરવા સક્ષમ હોતા નથી. જેથી આ સમુદાયના મહત્તમ કુટુંબોને આવરી લઇ, તેમને સ્થાયી વસવાટ ઉપલબ્ધ કરાવવો જરૂરી છે. આથી પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત વિચરતી-વિમુક્ત જાતિના ૮૩૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે રૂ.૧.૨૦ લાખની સહાય આપવા માટેની રૂ.૯૯૪.૯૫ લાખની નવી બાબત માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત વિચરતી-વિમુક્ત જાતિના ૮૩૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે રૂ.૧.૨૦ લાખની સહાય આપવા માટેની રૂ.૯૯૪.૯૫ લાખ (અંકે રૂપિયા નવ કરોડ ચોરાણું લાખ પંચાણું હજાર પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ..ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) નાણાં વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવથી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માંગણી નંબર: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦-સામાન્ય, ગૌણ સદર: ૧૦૧-વિમુકત અને અન્ય અસ્થાયી જાતિઓનુ કલ્યાણ, પેટા સદર: ૧૭ - ડીએનટી-૭ પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(P.T.O.)

નકલ રવાનાઃ-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ